અઝ્હિબિલ્ બઅસ, રબ્બન્નાસ, વશ્ફિ અન્તશ શાફી, લા શિફાઅ ઇલ્લા શિફાઉક, શિફાઅન્ લા યુગાદિરુ સકમન્" અર્થ: તકલીફોને દૂર કરી દે, હે માનવીઓના પાલનહાર! તેને તંદુરસ્તી આપ, તું જ તંદુરસ્તી આપનાર છે, તંદુરસ્તી તે જ છે, જે તારા તરફથી હોય, એવી તંદુરસ્તી આપ કે જેના પછી સહેજ પણ બીમારી બાકી ન રહે

ઉમ્મુલ્ મુઅમિનીન આયશા રઝી અલ્લાહુ અન્હા રિવાયત કરે છે, તેમણે કહ્યું: આપ
સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ જ્યારે કોઈ બિમારની ખબરઅંતર લેતા તો આ દુઆ પઢતા:
«"અઝ્હિબિલ્ બઅસ, રબ્બન્નાસ, વશ્ફિ અન્તશ શાફી, લા શિફાઅ ઇલ્લા શિફાઉક, શિફાઅન્ લા યુગાદિરુ સકમન્" અર્થ: તકલીફોને દૂર કરી દે, હે માનવીઓના પાલનહાર! તેને તંદુરસ્તી આપ, તું જ તંદુરસ્તી આપનાર છે, તંદુરસ્તી તે જ છે, જે તારા તરફથી હોય, એવી તંદુરસ્તી આપ કે જેના પછી સહેજ પણ બીમારી બાકી ન રહે». [સહીહ (આ હદીષ સાચા દરજજાની છે)] [મુત્તફકુન્ અલયહિ]

આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ જ્યારે કોઈ બીમારની ખબરગીરી માટે જતા તો આ દુઆ પઢતા હતા: હે અલ્લાહ! ("અઝ્હિબ" ખતમ કર) છુટકારો આપ ("અલ્ બઅસ" તકલીફ) બીમારીની સખતી ("રબ્બિન્ નાસ" લોકોના પાલનહાર) સર્જનનો રબ અને તેમનો વ્યવસ્થાપક, ("વશ્ફિ" તું શિફા આપ) આ બીમારીથી ("અન્તશ" તું જ) તું દરેક ખામીઓથી પાક છે, (" શાફી" તું શિફા આપનાર છે) હું તારા પવિત્ર નામ અશ શાફી દ્વારા સવાલ કરું છું, ("લા શિફાઉન" કોઈ શિફા નથી) આ બીમારી જે આવી છે ("ઇલ્લા શિફાઉક" તારી શિફા વગર) તારી આફીયત વગર, ("શિફાઉન્" શિફા) સામાન્ય કોઈ બીમારી માટે માંગવામાં આવતી શિફા ("લા યુગાદિરુ" ન રહે) બાકી ન રહેવી જોઈએ અને છૂટવી ન જોઈએ ("સકમન્" બીમારી) બીજી બીમારી.

http://sunnah.global/hadeeth/gu/show/5542